અપીલ અરજી નં.૧૩૭ તા.૨૮–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટ ની તા.૨૬–૫–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) રાહુલરાજ ટેક્ષ્ટાઈલ સીટીના કૌભાંડ બાબતે આ સાથે સામેલ પત્ર નં. સા.ઈ.ઝોન/ ટેક/ ૧૦૦૨ ૨૩/૫/૧૧માં જણાવ્યા મુજબની ધી. બી.પી. એમ. સી.એકટની કલમ ૨૬૦(૧) (અ) નં. સા. ઈ. ઝોન. ૩૯૫૧ની ૨૫/૧૧/૦૯ નકલ સહિત માહિતી પૂરી પાડવી તથા નં. સા. ઈ. ઝોન ૩૯૫૦, ૨૬૭ મનાઈ હુકમની નકલ સહિત માહિતી પૂરી પાડવી વિ.મુદ્દા નં. (૧)થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૨૮–૬–૧૧ ની SMC/FAP/ નં.૧૩૭/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટ ની તા.૨૬–૫–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) રાહુલરાજ ટેક્ષ્ટાઈલ સીટીના કૌભાંડ બાબતે આ સાથે સામેલ પત્ર નં. સા.ઈ.ઝોન/ ટેક/ ૧૦૦૨ ૨૩/૫/૧૧માં જણાવ્યા મુજબની ધી. બી.પી. એમ. સી.એકટની કલમ ૨૬૦(૧) (અ) નં. સા. ઈ. ઝોન. ૩૯૫૧ની ૨૫/૧૧/૦૯ નકલ સહિત માહિતી પૂરી પાડવી તથા નં. સા. ઈ. ઝોન ૩૯૫૦, ૨૬૭ મનાઈ હુકમની નકલ સહિત માહિતી પૂરી પાડવી વિ.મુદ્દા નં. (૧)થી (૪)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૨૨ તા.૩૦–૬–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ પછી અપીલીય કાર્યવાહી દરમ્યાન કોઈ પ્રત્યુત્તર માહિતી મળેલ હોય તો તેની નકલ સહ તે પછી કોઈ નારાજગી રહેતી હોય તો સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૧૫૪ તા.૧૨–૭–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/ટેક./આ.નં.૧૦૦૨ તા.૨૩–૫–૧૧ ના પત્રની નકલ , ફી ભર્યાની વિગત, નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૧૨૫ તા.૮–૭–૧૧ ના પત્રની નકલ, બીપીએમસી એકટ–૧૯૪૯ મુજબ કલમ–૨૬૭ અને કલમ–૨૬૦(૧)(અ) મુજબની નોટીસોની નકલ તથા રાહુલરાજ એસ્ટેટ તા.૨૦–૨–૧૦ ના રોજ ભરેલ ડીપોઝીટની રસીદ નં.૨૬૬૪૪૨ ની નકલ અત્ર મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૬–૫–૧૧ ની અરજીથી અરજદારે રાહુરાજ ટેક્ષ. સીટીના બાંધકામ બાબતે આપેલ નોટીસોની વિગત તેમજ ઉચ્ચ અધિકારીઓએ કરેલ વીઝીટની માહિતી તેમજ બાંધકામ કરનાર તરફથી ભરાયેલ ડીપોઝીટ/પેનલ્ટીની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીબાંયતઝોનને કરવામાં આવેલ. જે બાબતે અરજદારે કોઈ નિર્ણય કે માહિતી મળી નથી તેવું જણાવી તા.૨૮–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૧૨૫ તા.૮–૭–૧૧ થી નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧) રાહુલરાજ ટેક્ષ્ટાઈલ સીટીના કૌભાંડ બાબતે આ સાથે સામેલ પત્ર નં. સા.ઈ.ઝોન/ ટેક/ ૧૦૦૨ ૨૩/૫/૧૧માં જણાવ્યા મુજબની ધી. બી.પી. એમ. સી.એકટની કલમ ૨૬૦(૧) (અ) નં. સા. ઈ. ઝોન. ૩૯૫૧ની ૨૫/૧૧/૦૯ નકલ સહિત માહિતી પૂરી પાડવી તથા નં. સા. ઈ. ઝોન ૩૯૫૦, ૨૬૭ મનાઈ હુકમની નકલ સહિત માહિતી પૂરી પાડવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કારણદર્શક નોટીસ તેમજ મનાઈ હુકમની નકલ નંગ–૨ ઉકત જણાવેલ પત્રથી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૨) આ પત્રમાં જણાવ્યા મુજબ ડે.કમિ.(પીએન્ડડી) તથા તત્કાલીન સીટી ઈજનેર તથા તત્કાલીન કાર્યપાલક ઈજનેરને સંયુકત સાઈટ વીઝીટ જે તારીખે જે સમયે થયેલ હોય તેની માહિતી તથા પુરાવા તથા રીટેઈનીગ વોલ બનાવવામાં આવેલ તે તારીખ સમય અને જે દિવાલ બનાવવામાં મદદરૂપ કડીયાઓ, મજુરો, તથા કોન્ટ્રાકટરો, એન્જીનીયરોની માહિતી તથા આ કામકાજ જેટલા સમયમાં પુરું થયું હોય તેની સંપૂર્ણ માહિતી તથા જે અધિકારીના ઉપસ્થિતિમાં થયું હોય તેના નામ હોદ્દા સહિતની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૩૧–૩–૧૦ ના રોજ સંલગ્ન મિલ્કતોમાં ડે.કમિ.(પીએન્ડી) તથા તત્કાલીન સીટી ઈજનેરશ્રી અને તત્કાલીન કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા સંયુકત સાઈટ વીઝીટ કરવામાં આવેલ તેમજ સ્થળ ઉપર મિલ્કતદારને ટાઉન પ્લાનીંગ ઓફિસરશ્રી ટીપી સ્કીમ નં.૩૩ (ડુંભાલ) તરફથી ફાળવવામાં આવેલ પ્લોટ પૈકીમાં સરેરાશ સાડા ચાર મીટરના અંતરે રીટેઈનીંગ વોલ બનાવવામાં સુચના આપવામાં આવેલ છે. તેમજ શહેર વિકાસ વિભાગ સુમનપા ધ્વારા તા.૨૬–૮–૧૦ થી કોમર્શીયલ હાઈરાઈઝ બિલ્ડીંગના બાંધકામની વિકાસ પરવાનગીની રજાચિઠ્ઠી આપવામાં આવેલ છે. એવું જણાવેલ છે. પરંતુ અરજદારે મુળ અરજીથી માંગેલ વિગતે

અધિકારીઓની સંયુકત મુલાકાતની સમયની માહિતી આપેલ નથી કે તેના પુરાવા પણ આપેલ જણાતા નથી. તેમજ તે નહી આપવા માટે આરટીઆઈ કાયદાની કલમ–૮ હેઠળનો કોઈ અપવાદ જણાવેલ નથી. સામાન્ય સંજોગોમાં અધિકારીઓની ફરજના ભાગરૂપે અપવાદ હેઠળ સમાવિષ્ટ સિવાયની બાબતોની મુલાકાત હોય તો તેની વિગત આપવામાં કોઈ બાધ હોઈ શકે નહીં. જેથી આ અંગેની માહિતી તે અંગેના જે કંઈ દફતરી પુરાવા હોય તે સાથે આપવા જોગ થાય.

આજ મુદ્દામાં અરજદારને રીટેઈનીંગ વોલ બનાવવા અંગેની બાંધકામ કડીયા, કોન્ટ્રાકટર, એન્જી.વિગેરેને લગતી માહિતી માંગેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે સ્પષ્ટપણે તેમનો પક્ષ રજૂ કરેલ નથી. પરંતુ અરજદારને આપેલ તા.૮–૭–૧૧ ના પ્રત્યુત્તરમાં "૪.૫ મીટરના અંતરે રીટેઈનીંગ વોલ બનાવવા સુચના આપવામાં આવેલ છે." એવું જણાવેલ છે. જે સૂચવે છે કે આવી રીટેઈનીંગ વોલ મિલ્કતદારે બનાવવાની રહે અને જો તેમ હોય તો અરજદારે માંગેલી વિગતો સુમપાના દફતરે હોવા બાબતે પ્રશ્નાર્થ ઉપસ્થિત થાય. જેથી આ બાબતે પણ અરજદારને હકીકતલક્ષી માહિતી આપવા જોગ થાય. મુદ્દા નં.(૩) જે અધિકારીઓએ આ ગેરીરીતીને રોકેલ નથી અને બીલ્ડરને પ્રોત્સાહન પુરું પાડી કટકી કરી કૌભાંડ કરેલ છે જેના કારણે આ નોટીસો આપવી પડી છે તેવા અધિકારીઓ વિરુધ્ધ અમારે ના છુટકે ફોજદારી કાર્યવાહી કરવી પડશે તેવા જવાબદાર છતાં ભ્રષ્ટ અને બેજવાબદાર અધિકારીઓના નામ તથા હોદ્દા સહિતની માહિતી પૂરી પાડવી. તે અંગે જવાબદાર અધિકારીઓની વિગતની માહિતી જાહેર માહિતી અધિકારીએ અરજદારને તા.૮–૭–૧૧ ના પત્રથી આપેલ હોય તેવું જણાતું નથી. પરંતુ અપીલ તબકકે પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને તા.૨–૭–૧૧ થી કોઈ અધિકારી કસુરવાર જણાતા ન હોવાની માહિતી પૂરી પાડતા પત્રની નકલ રજૂ કરેલ છે. આરટીઆઈ કાયદાની કલમ–૬(૧) હેઠળ પ્રત્યેક અરજી સ્વતંત્ર હોય પ્રત્યેકની અલાયદી માહિતી આપવા જોગ થાય. મુદ્દા નં.(૪) તથા આ બીલ્ડરને આપેલ નોટીસો તેમજ તેઓ પાસ ેથી આ ગેરરિતી આચરવા સબંધે ડીપોઝીટ/ પેનલ્ટી વસુલ કરેલ હોય તેની સંપૂર્ણ માહિતી પૂરી પાડવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મિલ્કતદાર તરફથી જમા કરાવવામાં આવેલી ડીપોઝીટની રસીદ ની નકલ નં.૨૬૬૪૪૨ તા.૨૦–૨–૧૦ થી રૂા.૧ લાખની રાહુલરાજ એસ્ટેટના નામે જમા થયેલ રસીદ રજૂ કરેલ છે.

આમ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૨ ની આંશિક માહિતી આપેલ નથી. મુદ્દા નં.૩ ની પ્રસ્તુત અરજી હેઠળ માહિતી આપેલ નથી. જયારે મુદ્દા નં.૪ માં જાહેર માહિતી અધિકારીએ દફતરી માહિતી નકલસહ પૂરી પાડેલ હોઈ તકરારને સ્થાન નથી.

**હુકમ.**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૬/૫/૧૧ની અરજી થી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ ની નહીં પૂરી પડાયેલ અધિકારીઓની સંયુકત મુલાકાતની સમય અને તેના દફતરી ઉપલબ્ધ પુરાવાની નકલ તથા રીટેઈનીંગ વોલ બાબતે અરજદારની માંગણીના પરિપ્રેક્ષ્યમાં દફતરી વાસ્તવલક્ષી માહિતી તેમજ મુદ્દા નં.૩ અંગે દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ